|| श्री गणेशाय नमः ||

|| श्रीः ||

|| श्री महाकाली प्रसन्नास्तु ||

|| श्रीकालिकाध्यानम् ||
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्वितām्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ||


# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર





વર્ષ : ૧૪ અંક : ૧૬૮/૧૬૯ તા.૧૫-૦૧/૦૨-૨૦૨૪ કિંમત :

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક

તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH


## સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) આયોજીત, મેરેજ બ્યુરો સંચાલીત નવમ્ યુવક યુવતી પરિચય મેળો સફળતાપૂર્વક સંપન્ન




## યુવક યુવતીઓએ ઉત્સાહભેર લીધેલ ભાગ


Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

Rotolam®
Elegance Laminate

THE
# PERFECT
*matching*



Feel the natural touch
we bring with perfection.

## લેમીનેટ, વિનિયર, પ્લાયવુડ તથા લાકડાના હોલસેલ વેપારી

### THE EXCLUSIVE DISPLAY GALLERY AT

**ગેલેરી-1** સહકારી લાટી બજાર-2, સન એક્રેલિકની બાજુમાં, ગીતા મંદિર , અમદાવાદ
**ગેલેરી-2** F/2A, સપથ - 4, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસે , N/r ક્રાઉન પ્લાઝા હોટેલ, Opp. કર્ણાવતી ક્લબ, અમદાવાદ

**હાર્દિક નવનીતભાઈ શેઠ : +91 97980 88888**

**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

: <u>પ્રમુખશ્રી</u> :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: <u>સલાહકાર મંડળ</u> :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: <u>માનદ્ તંત્રી</u> :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: <u>સંપાદક મંડળ</u> :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: <u>કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે</u>:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વહાલા જ્ઞાતિજનો

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી અપેક્ષા રાખું છું.

સમસ્ત કંસારા સમાજની ઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓ પૈકી દર ત્રણ વર્ષે અવિવાહિત યુવક-યુવતીઓનો પરિચય મેળો (પસંદગી મેળો) યોજવામાં આવે છે. તે મુજબ ચાલુ વર્ષે તા. ૦૭-૦૧-૨૦૨૪ને રવિવારના રોજ અમદાવાદ મુકામે અવિવાહિત યુવક- યુવતીઓનો પરિચય મેળો યોજવામાં આવ્યો, જેમાં અંદાજે ૪૨૨ જેટલા ઉત્સાહી યુવક-યુવતીઓએ ઉત્સાહથી અને ખુબજ આશાઓ સાથે ભાગ લીધો અને આ યુવક અને યુવતીઓએ અને તેમના વાલીઓએ ખૂબ જ સારો સહકાર આપ્યો છે. અને આ કાર્યક્રમને ખૂબ જ સફળતા અપાવેલ છે. તે બદલ તમામ યુવક-યુવતીઓ અને તેના વાલીઓનો આભાર માનુ છુ.

વિશેષમાં આ કાર્યક્રમની ફળશ્રુતિ રૂપે આ કાર્યક્રમના માધ્યમ દ્વારા નડિયાદ નિવાસી શ્રી હિતેશભાઈ પરસોત્તમદાસ કંસારા (સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા)ની સુપુત્રી ચિ. ધ્વનિના વિવાહ (સગપણ) સુરત નિવાસી શ્રી બિપીન ભાઈ પરમારના પુત્ર ચિ. જય સાથે જાહેર થયેલા છે. તેમજ ચિ. ધ્વનિના પિતાશ્રી હિતેશભાઈ (નડિયાદ) એ આ શુભ પ્રસંગે આ સંસ્થાને યોગ્યદાન ની પણ જાહેરાત કરેલ છે.

હું આશા રાખું છું કે, શ્રી હિતેશ ભાઈ પી. કંસારા (નડિયાદ)ને અનુસરીને અન્ય યુવક-યુવતીઓના સગપણ જાહેર થાય તેવા પ્રસંગોએ તેઓના વાલીઓ પણ આ સંસ્થાને જાણ કરી સંસ્થાને પ્રોત્સાહિત કરવા અપીલ કરું છું. તેમજ ભાગ લેનાર અન્ય યુવક-યુવતીઓને પણ તેઓની અપેક્ષા મુજબના પાત્રો મળી રહે અને સફળતા મળે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

આ કાર્યક્રમને ખુબજ ધગશ અને મહેનતથી સફળતા અપાવવા બદલ સમસ્ત કંસારા સમાજના મેરેજ બ્યુરોના પ્રોગ્રામ ચેરમેન શ્રી તથા તેઓના સાથી તમામ કાર્યકર મિત્રો તથા સમસ્ત કંસારા સમાજના નામી - અનામી સહકાર આપનાર મિત્રો કે જે જેઓએ પ્રારંભ થી અંત સુધી સહકાર આપેલ છે.તે તમામ મિત્રો નો હદય થી આભાર માનું છું. આ કાર્યક્રમમાં સવારના ચા-નાસ્તા તથા બપોરના જમણવાર તથા સાંજના હળવા ભોજનની સુંદર વ્યવસ્થા અને સુંદર આયોજન બદલ શ્રી સુરેશભાઈ કંસારાનો પણ હું આભાર માનું છું.

વિશેષમાં અગાઉ જાહેર કર્યા મુજબ માર્ચ-૨૦૨૩નો કંસારા ટાઈમ્સનો અંક સમસ્ત કલ્યાણી મહિલા ટ્રસ્ટને મહિલા સમર્પિત અંક તરીકે પ્રસિદ્ધ કરવાં નક્કી કરેલ છે ત્યારે સમાજની / જ્ઞાતિની તમામ વયની નાની-મોટી બહેનોને નમ્ર વિનંતી કે મહિલાને લગતી જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે સામાજિક આર્થિક રાજકીય વૈજ્ઞાનિક અથવા તો અન્ય સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓને લગતા લેખો અથવા તો કોઈ અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી હોય તો તેવા લેખો પણ સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ઉર્મિલાબેન વી. કંસારાને મોકલી આપી આ અંકને પૂરતી સફળતા મળે તેવો સહકાર આપવા જ્ઞાતિની તમામ બહેનોને નમ્ર વિનંતી કરું છું.

સર્વ જ્ઞાતિ જનોને જય શ્રી કૃષ્ણ - જય માતાજી - જય ગોપાલ - જય શ્રી સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)


**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) નવમ્ પરિચય મેળાની સિધ્ધી



સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું, સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નાં નવમ્ પરિચય મેળાની સિધ્ધીરૂપે મેળાના આયોજનમાં રાજકોટ નિવાસી કંસારા કીર્તીભાઈ શશીકાંતભાઈ માવાણીની સુપુત્રી ચિ. રિયાબેન એ ઉમેદવારી ફોર્મ ભરેલ તેમાં આયોજન પરિચય પુસ્તીકાનાં આધારે હાલ અમદાવાદ નિવાસી પંકજભાઈ મનહરલાલ બુચ સિહોરવાળાનાં સુપુત્ર ચિ. સ્મિતભાઈ જોડે તા. ૦૩-૦૨-૨૦૨૪ શનિવારનાં રોજ બન્ને પક્ષના વડિલો તેમજ ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટનાં આગેવાન પ્રમુખશ્રી બટુકભાઈ કંસારાની ઉપસ્થિતિમાં બન્ને પક્ષોના વડિલો, સગાસંબંધીઓની હાજરીમાં ગોળ/ધાણા ખાઈ શુભ કાર્ય સંપન્ન કરેલ છે. પક્ષના વડિલોએ શુભ આશીર્વાદ આપ્યા તેમજ ચિ. રીયાના માતા-પિતાશ્રી જયશ્રીબેન / કીર્તિભાઈ માવાણી ચિ. સ્મિતના માતુશ્રી જયશ્રીબેન પંકજભાઈ બુચ તેમજ વડિલોએ મીઠા મોઢા કરેલ છે. અને બન્ને ને શુભાષિક પાઠવેલ છે.

સમસ્ત કંસારા સમાજ પરિચય મેળાનું સુંદર આયોજન કરેલ તે બદલ દરેક આયોજકોને કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન.

-શશીકાંતભાઈ કેશવલાલ માવાણી પરિવાર - રાજકોટ

**શુભેચ્છા ભેટમાં રૂા.૧૦૦૦/- શ્રી કિર્તીભાઈ શશીકાંતભાઈ માવાણી અને રૂા.૧૦૦૦/- શ્રી પંકજકુમાર મનહરલાલ બુચ તરફથી મળેલ છે**

## સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) આયોજીત નવમા પરિચય મેળાની સફળતા બદલ અભિનંદન



**સુપુત્રી ચિ. ધ્વનિ**
**હિતેશભાઈ પી. કંસારા**
**રહે. નડિયાદ.**
**(ક્રમ નં ૧૭ પેજ ૨૬)ની સગાઈ,**
**સુરત નિવાસી**
**ચિ. જય બિપીનભાઈ પરમાર**
**(ક્રમ નં. ૨૪ પેજ ૩૬)**
**સાથે સગાઇ નક્કી કરેલ છે.**

**શુભેચ્છા ભેટમાં રૂા.૫૦૧/- શ્રી હિતેશભાઈ પી. કંસારા અને રૂા.૫૦૧/- શ્રી બિપીનભાઈ પરમાર તરફથી મળેલ છે**

## તંત્રી સ્થાનેથી.....

તા. ૦૭-૦૧-૨૦૨૪ ના રોજ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) મેરેજ બ્યુરો આયોજીત પરીચય મેળો સફળતા પૂર્વક સંપન્ન થયેલ છે તે ખૂબજ આનંદની વાત છે. સમસ્ત કંસારા સમાજ દ્વારા આ અગાઉ ૮ પરિચય મેળાનું આયોજન કરેલ હતું અને તે સમાજના આગેવાનો જેવા કે શ્રી નટવરલાલ એ. ખાખી, શ્રી રાજેશભાઈ સી. કંસારા, શ્રી વસંતભાઈ એસ. કંસારા, શ્રી હરિશ્ચંદ્રભાઈ વી. કંસારા વિગેરેની ઉપસ્થિતીમાં અને તેઓના માર્ગદર્શન અન્વયે યોજાયેલ હતા અને તે પરિચય મેળાઓ સમસ્ત કંસારા સમાજના સંગઠનને વધુને વધુ વ્યાપ મળેલ હતો. આ બધા જ મહાનુભાવોની ગેર હાજરીમાં ૯ મો પરિચય મેળાનું આયોજન થયું અને તેઓએ સમાજની ધુરા જે આગેવાનોને સોપેલ હતી તેઓ દ્વારા ૯ મા પરિચય મેળાનું સફળતાપૂર્વક આયોજન કરી તેઓમાં મુકેલ વિશ્વાસને સાકાર કરી બતાવેલ છે અને સમાજને પણ એક વિશ્વાસ આપેલ છે કે સમાજ દ્વારા હવે પછી જે કાર્યક્રમો થશે તે કાર્યક્રમો થકી સમાજનું સંગઠન વધુને વધુ બળવત્તર બનાવશે અને સમાજના સંગઠન થકી સમાજના સામાજીક, આર્થિક તથા શૈક્ષણિક ઉત્થાન માટે વધુને વધુ પ્રયત્નો કરશે.

સમસ્ત કંસારા સમાજના મેરેજ બ્યુરો દ્વારા ૯ મા પરિચય મેળાનું જે આયોજન થયું તે સામાજીક મેળાવડાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ પરિચય મેળામાં ૪૨૨ યુવક-યુવતીઓ જોડાયા તે જ હકીકત દર્શાવે છે કે આપણી જ્ઞાતીનો આ એક મહત્વનો યક્ષ પ્રશ્ન છે. આપણી કંસારા જ્ઞાતિના દરેક ગોળ ઘટકના યુવક-યુવતીઓને એક પ્લેટફોર્મ પ્રાપ્ત થાય છે અને તેના થકી તેઓ એકજ જગ્યાએથી પાત્રની પસંદગી કરી શકે છે. સમાજ દ્વારા આ યુવક-યુવતીઓની બુકલેટ બહાર પાડેલ છે અને તેના થકી પણ તેઓ પોતાને લાયક યોગ્ય પાત્રની પસંદગી કરી રહ્યા છે અને સારાય ગુજરાત તથા ગુજરાત બહાર બુકલેટ થકી સૌ કોઈ પ્રયત્નો કરી રહ્યા છે અને અમોને મળેલ માહીતી મુજબ આ ૯ મા પરિચય મેળામાં જે ઉમેદવારો હતા તે પૈકી બે-ત્રણ પાત્રો દ્વારા પસંદગી કરવામાં આવેલી છે અને તેમની સગાઈ પણ થઈ ગયેલ છે તે જ આ પરિચય મેળાની સફળતા છે અને તેઓને પણ અભિનંદન આપીએ છીએ.

પરિચય મેળાનું અવલોકન કરતા મોટા ભાગની યુવક-યુવતીઓ સ્ટેજ પર આવીને તેઓ જાતેજ પોતાનો પરિચય (ઈંગ્લીશ, ગુજરાતી, હિન્દી)માં આપતા હતા તે જ તેમનો વિશ્વાસ બતાવે છે અને તેઓ સ્ટેજ પર આવ્યા તે પણ પરિચય મેળાની એક સફળતાનો ભાગ છે. વાલીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહી તેઓના પુત્ર-પુત્રીઓ માટે યોગ્ય પાત્રની પસંદગી માટે પણ ઘનિષ્ઠ રીતે રસ લઈ રહ્યા હતા. આમ ૯ મા પરિચય મેળાની સફળતામાં વાલીઓનો પણ સાથ-સહકાર મળેલ હતો.

પરિચય મેળાના ખર્ચને પહોંચી વળવા માટે થઈને જાહેરાત મેળવવા માટેની કપરી કામગીરી પણ સમાજના હોદ્દેદારો તથા કાર્યકરો દ્વારા તન-તોડ પ્રયત્ન કરવામાં આવેલ છે અને વિજ્ઞાપન દાતાઓએ પણ મન મુકીને જાહેરાત આપીને ખૂબજ ઉમદા, સરાહનીય સહકાર આપેલ છે. જ્ઞાતિજનો દ્વારા નાની-મોટી ૧૭૧ જેટલી જાહેરાત આપેલ હતી તે પૈકી ૧૬૧ જેટલી જાહેરાતોનો અમે સમાવેશ કરી શક્યા છીએ અને ૯૦% જેટલું પેમેન્ટ પણ સમાજને મળી ગયેલ છે. તે માટે તમામ વિજ્ઞાપન દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનું છું અને આશા રાખીએ છીએ કે સમાજના આવા યજ્ઞમાં આપ સૌ વિશેષરૂપે સાથ-સહકાર આપશો તેવી અભ્યર્થના રાખું છું.

આ પરિચય મેળાની બુકલેટ માટે વિપુલભાઈ લાલાણીએ ખૂબજ જહેમત લઈ ટૂંકા સમયગાળામાં અશક્યને શક્ય બનાવી બુકલેટ પ્રિન્ટ કરી આપેલ છે તેનો પણ ખૂબ ખૂબ આભાર. સૌ કોઈ કાર્યકરો, આગેવાનો, સ્વયંસેવકોનો ખૂબ ખૂબ આભાર માનું છું.

# નવમ્ પરિચય મેળો ૨૦૨૪ આભાર દર્શન

- એડમીન શ્રી હસમુખભાઈ એલ. ખાખી, કન્વીનર અનંતરાય જી. શેઠ

હિન્દુ ધર્મમાં લગ્નને એક સંસ્કારનું સ્વરૂપ આપવામાં આવેલ છે. તે માટે લગ્ન ઉત્સુક બે યુવા-યુવતી ને જોડવા માટે લગ્ન સેતુના પ્રથમ ચરણ એક બીજાનો પરિચય મેળવી, અરસ-પરસ સમજવાના જરૂરી હેતુથી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના સમસ્ત ગોળ ઘટકનાં યુવા-યુવતીઓ માટે સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ આયોજીત મેરેજ બ્યુરો સંચાલીત અમદાવાદ મુકામે ડી.કે. પટેલ હોલ ખાતે તા. ૧૭-૦૯-૨૦૨૩ ના રોજ મળેલ કારોબારીની મિટીંગ દરમ્યાન અમોને તા. ૦૭-૦૧-૨૦૨૪ નાં રોજ નવમ્ પરિચય મેળાનાં આયોજન માટેના કન્વીનર તરીકે વરણી થઈ.

અમોએ આ પરિચય મેળાની જવાબદારી સ્વીકારીને આયોજનને સફળ બનાવવા માટે પ્રયાસમાં લાગી ગયેલા. જેમાં સર્વે કારોબારીના સભ્યો, ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તેમજ સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટના હોદ્દેદારો ટ્રસ્ટી મંડળના સભ્યોના સાથ સહકારથી નવમ્ પરિચય મેળાનું આ કાર્ય ખૂબજ ખંત અને સરળતાથી શક્ય બન્યું છે.

મુ. શ્રી ચંદ્રકાંતભાઈ કે. કંસારા સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના પ્રમુખ તરીકે તેમની સલાહ, હુંફ, અનુભવ અને સાથ સહકાર મળતા અમારૂ મિશન ચેતનવંતુ બન્યું. તેઓશ્રીની નાદુરસ્ત તબીયત હોવી હાર્ટનું ઓપરેશન કરાવ્યું હોવા છતાં સુંદર સહકાર આપી આ કાર્યનું સંચાલન કરવા પ્રેરણા બદલ આભાર. ધાતુ પરિવાર ટ્રસ્ટના પ્રમુખશ્રી બટુકભાઈ કંસારાએ શરૂથી અંત પ્રોગ્રામ સુધી સાથે રહી કાર્યમાં માર્ગદર્શક રહ્યા. મંત્રી મેહુલભાઈ ખાખી જેઓએ પોતાની જવાબદારી બેખૂબ નિભાવી. શ્રી માર્કેન્ડભાઈ, મનિષભાઈ વગેરે રાત દિવસ સહકાર આપી કાર્યને વેગ આપ્યો. શ્રી મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ઉર્મિલાબેન તેમજ જશુબેન કંસારા જેઓ અઠવાડિયામાં બે દિવસ વડોદરાથી અને મહેસાણાથી સમાજની ઓફીસ પર આવી કાર્યમાં સાથ આપ્યો. શ્રી ભરતભાઈ શેઠનો સંપૂર્ણ સહકાર રહ્યો છે. કારોબારી સભ્યોનો ખૂબજ મોટો સહકાર હોવાથી કાર્ય સરળ બન્યું છે. આ નવમ્ પરિચય મેળામાં ભાગ લેનાર યુવક-યુવતી તેમજ તેમના માતા-પિતાએ હાજરી આપી તા. ૦૭-૦૧-૨૦૨૪ ના પરિચય મેળાને સફળ બનાવવા મોટું યોગદાન છે.

નવમ્ પરિચય મેળાને સફળ બનાવવાના ખાસ હક્કદાર ૧૬૦ વિજ્ઞાપન દાતાશ્રીઓને જશ આપી શકાય, જેઓ અમારા આ કાર્યક્રમમાં ભાગીદાર રહ્યાં. તેઓએ મન મુકીને બહોળા પ્રમાણમાં વિજ્ઞાપન આપી તેમજ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યને સફળ બનાવવા બદલ પ્રેમપૂર્વક અમારા કાર્યની સરાહના કરી જોમ પુરૂ પાડ્યું છે.

નામી અનામી અનેક મુક સેવકોના જ પરિશ્રમ અને પ્રેમપૂર્વકનાં સહકારથી તા. ૦૭-૦૧-૨૦૨૪ ના નવમ્ યુવક-યુવતી પરિચય મેળો જે રીતે સફળ થયો તે સર્વેના અમુલ્ય સહકારનું જ પરિણામ છે. જેના થકી મેળામાં ભાગ લેનાર ૪૨૨ ઉમેદવારો તેના વાલીઓ તથા જુદા જુદા ગોળ ઘટકનાં હોદ્દેદારો, વિજ્ઞાપન દાતાશ્રીની પ્રેરક હાજરી સાથે આશરે ૧૫૦૦ જ્ઞાતિજનોની વિશાળ હાજરી સાથે સંપન્ન કાર્યક્રમને અનેક લોકો દ્વારા મળેલ પ્રતિભાવ અમારા માટે આત્મસંતોષ અને હર્ષનો છે. પરંતુ એક વ્યવસ્થાના નાતે અમો કન્વીનર તરીકે નિમીત માત્ર છીએ. આ ભવ્ય સફળતામાં અમોને સાથ સહકાર આપનાર સાથી મિત્રોથી અમુલ્ય સેવા જ સફળતાની અને શ્રેયનાં હક્કદાર છે. અમો સમસ્ત જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. અમારી સાથે પડછાયો બનીને રાત દિવસ જોયા વગર સેવા આપનાર શ્રી હેતલબેન કંસારા જે ઓફીસ ઈનચાર્જ છે. તેઓએ સવારથી રાત્રિનાં ૧૦ થી ૧૧ વાગ્યા સુધી કાર્યમાં મદદરૂપ થયા છે. તેઓનો આભાર કેમ ભૂલાય?

આ કાર્યક્રમમાં અમારા હાર્દિક આમંત્રણને માન આપીને પોતાનો કિંમત સમય અમોને આપી અતિથી વિશેષ તરીકે સ્ટેજ પર બીરાજમાન

(૧) શ્રી ગૌતમભાઈ ચોગાનવાલા પ્રમુખશ્રી ગુજરાતી અમદાવાદી કંસારા જ્ઞાતિ, અમદાવાદ

(૨) શ્રી રમેશભાઈ કંસારા પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર મારૂ કંસારા જ્ઞાતિ, અમદાવાદ

(૩) શ્રી અતુલભાઈ સોની, તંત્રીશ્રી જ્ઞાતિ સેતુ, કચ્છી કંસારા સમાજ, અમદાવાદ

(૪) શ્રી અશોકભાઈ કાણકીયા પ્રમુખશ્રી સુરત ગુજરાતી કંસારા જ્ઞાતિ, સુરત.

(૫) શ્રી રજનીભાઈ હીંમતલાલ ખોખરા, પ્રમુખશ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ, રાજકોટ.

આપસૌએ હાજરી આપી અમોને પ્રોત્સાહિત કરવા બદલ અમો આપના ઋણી છીએ.

નૂતન વેબસાઈટ બનાવી ને ડીજીટલ સ્કેનીંગ સાથેના ઓળખ કાર્ડ આપીને ટૂંક સમયમાં વેબસાઈટ અપડેટ કરવા બદલ ગૌરાંગભાઈ દંગી અભિનંદનને પાત્ર છે. કોમ્પ્યુટરને લગતા કાર્યમાં નવી સાઈટ બનાવી તથા તે અંગેના દરેક કાર્યને લગતી દરેક કાર્યની પરિચય મેળો શરૂ થયો ત્યારથી સંપન્ન થયા સુધીનાં કાર્ય જે આપણા જ્ઞાતિના લોકોનો સિંહ ફાળો છે તેઓશ્રી (૧) ગૌરાંગભાઈ કંસારા (૨) નિતિનભાઈ કંસારા (૩) મિતેશભાઈ કડવાણી (૪) નિરવભાઈ દંગીની આઈ.ટી. ટીમ અભિનંદનને પાત્ર છે. પૂનાથી આવેલ ભાઈશ્રઈ મિતેષભાઈ તથા બહેનશ્રી નેહાબેન બન્ને ચાર દિવસ પહેલા આવી કાર્યમાં સહકાર બદલ આભાર.

મુ.શ્રી બટુકભાઈ વી. કંસારા તથા ભરતભાઈ શેઠ, મેહુલભાઈ ખાખી, મનિષભાઈ કંસારા, માર્કેન્ડભાઈ તેમજ કારોબારી સભ્યોના અથાગ પરિશ્રમ થકી વિજ્ઞાપન દાતાઓ દ્વારા મળેલ સહકાર અતિ સરાહનીય છે. જેઓ અભિનંદનનો હક્કદાર છે. પરિચય પુસ્તીકા તૈયાર કરવામાં શ્રી ભરતભાઈ, શ્રી વિપુલભાઈ કંસારા, પલ્લવીબહેન કંસારા, ઉષાબેન ચોગાનવાલા, ડૉ. હર્ષદભાઈ ગોરડિયા, ગૌરાંગભાઈ, ઉષાબેન, અશોકભાઈ કાણકીયા સુરતથી આવતા વગેરેની મહેનત થકી પરિચય પુસ્તીકા ઓછા સમયમાં તૈયાર થયેલ છે.

કાર્યક્રમને અંતિમ રૂપ આપવામાં તેમજ રજીસ્ટ્રેશનની સેવા આપનારા ઉષાબેન લાલાણી, પલ્લવીબેન કંસારા, દિપાલીબેન કંસારા, બળવંતભાઈ પાવાગઢી, માર્કેન્ડભાઈ કંસારા, કમલેશભાઈ પરમાર, પ્રેમલતાબેન, હર્ષાબેન દંગી, વત્સલ શેઠ, હર્ષભાઈ શેઠ, દિનેશભાઈ દંગી, રાકેશભાઈ કળથીયા, અજયભાઈ દંગી, અનિલભાઈ દંગી, કિરણભાઈ કંસારા, મિહીર કંસારા ચિરાગભાઈ માવાણી તથા જતિન ગોરડિયા, જયદીપ કંસારા, ધર્મેશ બી. કંસારા, ભાવેશ કંસારા, ભાર્ગવ કંસારા તેમજ કારોબારી સભ્યોનો આભાર.

એન્કરીંગ માટે શ્રી મિલનભાઈ એન. બુચ વેરાવળથી શ્રીમતી દેવિકાબેન ભાવેશભાઈ કંસારા સુરતથી તેમજ કું. હિરવા મયુર ખાખી રાજકોટથી પધારેલ અને તેઓની સુંદર રજુઆતથી દરેક શ્રોતાઓના દિલ જીતી લઈ આખો કાર્યક્રમ શીસ્તબધ્ધ પૂર્ણ કરાવવા બદલ આભારને હક્કદાર છે. મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટની બહેનો દ્વારા હોલમાં વ્યવસ્થા જાળવવા સુંદર કાર્ય કરેલ.

ઉપરના હોલની સુંદર વ્યવસ્થાને ભોજન માટે મારૂ કંસારા યુવક મંડળના ૧૧ યુવાનો પ્રોગ્રામ સફળ બનાવ્યો. સુરુચી ભોજન શ્રી સુરેશભાઈ કંસારાએ ખૂબજ ચિવટપૂર્વક સુસ્વાદ ભોજન પીરસીને સુંદર વ્યવસ્થા કરેલ જે. અભિનંદનને પાત્ર છે. આભાર સહ.

## આભાર દર્શન

आत्मीय श्री हसमुखभाई,

आत्मीय श्री मेहुलभाई खाखी,

समस्त कंसारा समाज के पदाधिकारीजन, सभी को जयश्री कृष्ण,

९वा युवक-युवती परिचय सम्मेलन में जोधपुर और राजस्थान से आए युवाओं ने समाज के प्लेटफार्म पर परिचय दिया, आप सभी को सफल आयोजन की बधाई।

आज के दौर में विश्वसनीय रिश्ते मिलने कठिन हैं। ऐसे में कल समाप्त हुए नवम युवती परिचय सम्मेलन रिश्ते करवाने में मंच सफल रहा है जोधपुर से २५ साल पहले पहली बार हमने परिचय सम्मेलन में भाग लेकर पहल शुरु हुई और प्रति सम्मेलन रिश्ते तलाशने और जौड़ने में और दो परिवारों के बीच सेतु के रुप में समस्त कंसारा समाज के माननीय प्रमुख, पूर्व प्रमुख एवम् समस्त कार्यकारीणी सभा का बहुत धन्यवाद ज्ञापित करते है।

परिचय सम्मेलनों का फायदा आझ समाज के हर वर्ग के लोयो को मिल रहा है। समाज का युवा भी संगठ के प्रति सक्रिय रुप से भाग ले रहे प्रदेश और् राजस्थान के लोग भी अपने बच्चों के लिए जीवन साथी तलाशने के लिए पहुंचे। कार्यक्रम में मंच पर पहुंच कर युवक और युवतियों ने अपना परिचय दिया।

इस परिचय समेमेलन में कुल ४२२ प्रविष्टियां प्राप्त हुई हैं। इस सम्मेलन में लगभग कितने रिश्ते तय होते है इसका पता तो बाद में चलेगा।

एक बार पुन समस्त कंसारा समाज के प्रमुख, महामंत्री एवम् आयोजन कन्वीनर, को कन्वीनर, समस्त पदाधिकारीयों को सेवा सुगन सोलंकी कंसारा परिवार जोधपुर की और से बहुत बहुत धन्यवाद, जय गोपाल, जयश्री कृष्ण।

प्रितिबेन कैलाशनारायण कंसारा, जोधपुर। मो. : ९३१४३५५०००

# આંખે દેખ્યો અને હૃદયે સમજેલો અહેવાલ - મિલન બુચની દ્રષ્ટીએ

વહાલા સૌ જ્ઞાતિ બંધુઓને નમસ્કાર.

એક ઉજળી આશા અને ઉજ્જવળ ભવિષ્ય તરફ બે હૈયા અને તેની સાથે બે કુટુંબોને જોડવા માટેના એક સુંદર અવસર નિમિતે "શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)" ના નેજાતળે "યુવાપરિચયમેળા" નું મેરેજ બ્યુરો કમિટીના વડપણ હેઠળ સાલ ૨૦૨૪ ના પહેલાજ વીકમાં તા. ૭ મી જાન્યુઆરીના રોજ સુંદર આયોજન સાથે સંપન્ન થયું.

૧૯૯૮ ની સાલમાં શરૂ થયેલી આ સંસ્થા સમસ્ત કંસારા સમાજ – ગુજરાતનો આ ૯ મો યુવા પરિચય મેળો કાઇક અલગજ છાપ છોડી ગયો.

આંકડાઓની ગૂંથણી કર્યા વિના સીધું ને સટબી Heart મારી વાત રજૂ કરવાનો પ્રયત્ન કરું છું. ઉદઘોષક તરીકે મારો રોલ હોવાથી હું પહેલેથી છેલ્લે સુધી આ Well Organised પ્રોગ્રામનો લહાવો લઈ શક્યો.

નારણપુરા જેવા પોશ એરિયામાં રહેલો ૩ સ્ટાર કેટેગરીનો શ્રી ડી. કે. પટેલ AC હોલ જ એટલો સરસ હતો હતો કે ગુજરાતના અને Out Of ગુજરાતના દૂરદૂરથી આવતા કેન્ડીડેટ અને તેમના પેરંટ્સનો થાક હળવો થઈ જાય જેથી યુવક-યુવતીઓને પૂરું comfortable atmosphere મળીરહે.

રિસેપ્શનમાં જ disciplined way માં સ્વયંસેવકોની મોટી ટીમ દ્વારા રજીસ્ટ્રેશન અને માહિતીથી અવગત કરાવ્યા બાદ 1st ફ્લોર પર શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં વારંવાર ચૂસકી મારવાની ઈચ્છા થાય તેવી લહેજતદાર ચા અને સ્વાદિષ્ટ નાસ્તો જીભે વળગી ગયો.

ફરી ૨૫-૩૦ પગથિયાં ઊતરી ગ્રાઉન્ડ ફ્લોર પરના હોલમાં આવતા સુંદર સિટિંગ એરેંજમેંટ, અદભૂત સ્ટેજ સુશોભન, Big LCD Display Screen અને કર્ણપ્રિય સાઉન્ડ સિસ્ટમ જોઈને આયોજકશ્રીની ટીમ દ્વારા નાની-નાની વ્યવસ્થા માટે જે બારીકાઈથી કામ કર્યું તે ઉડીને આંખે વળગે તેવું રહ્યું. આ માટે તમામ કાર્યકરો સહીત દરેક હોદ્દેદારોને અભિનંદન આપવા ઘટે. My Salute....! The whole committee was eager to start the programme sharp @10.00 a.m. But...

સમયની સાથે ચાલવાનું તો જાણે એક સ્વપ્નું થઈ ગયું હોય તેમ ઘણા participants અને તેમના parents મોડા આવવાથી સમય બદ્ધતા જાળવી ન શકાણી અને ઓપનિંગ સેરેમની ૧ કલાક મોડો સ્ટાર્ટ થયો અને જેની શરૂઆત જ મોડી તેનું સમાપન પણ મોડું... જે સૌથી પહેલી ન ગમતી વાત.

વહાલી દીકરી નીપાના મનને ગમી જાય તેવા સ્વાગત નૃત્યથીશ્રી ગણેશ કર્યા બાદ મંચસ્થ મહાનુભાવોના સમસ્ત કંસારા સમાજની ભવિષ્યમાં પ્રગતિ માટેના દ્રષ્ટિ કોણ અને ભાવિ પગલા વિશેની વાતોથી તેઓનું deep involvement અને પોતાના તરફથી સમાજ માટે કાંઈક કરી છૂટવાની ભાવનાથી મનોમન નત મસ્તક વંદન થઈ ગયા.

કન્વીનર શ્રી હસમુખભાઈ એલ. ખાખી, શ્રી અનંતરાય જી. શેઠ, સેક્રેટરી શ્રી મેહુલભાઈ ખાખી તથા તંત્રી શ્રી ભરતભાઈ શેઠ સાથે પ્રોગ્રામ સંદર્ભે સતત સંપર્કમાં રહેવાનું થયું અને આગલી રાત્રે વેરાવળથી સ્ટાર્ટ થયેલી મારી ટ્રેઈન તો અમદાવાદ વહેલી સવારે પહોંચતી હોવાથી મે શ્રી હસમુખભાઈ ખાખીના આગ્રહને વશ થઈને તેમનો લાભ લીધો અને શ્રી હસમુખભાઇના ઘરે આતિથ્ય પણ માણ્યું.

માત્ર ધનથી નહિ પણ દરેક વ્યક્તિઓએ પોતાના વ્યક્તિગત કામો, કૌટુંબિક અને સામાજિક પ્રવૃત્તિઓમાંથી કાઢી લીધેલો સમય સમસ્ત કંસારા સમાજના આ પ્રોગ્રામ માટે કાઢી કાઈક કર્યાનો અને આત્મસંતોષનો અનુભવ કરતા હતા તે જોઈને ઘણો આનંદ થયો.

મેરેજ બ્યુરોની ૩ વર્ષની મેમ્બર શીપ ફી ના માત્ર ૫૦૦/- રૂપિયા જેવી ટોકન રકમમાં અમદાવાદ જેવા Metro City માં lunch ઉપરાંત 2 time ચા, નાસ્તો પણ કઈ રીતે મેનેજ કર્યા હશે અને આવા સુંદર હોલનું ભાડું, સાઉન્ડ સિસ્ટમ, chairs,


શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ   પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

સ્ટેજ સુશોભન, ફોટોગ્રાફી અને બીજા અનેક ખર્ચાઓ જોતા આફીને ફીન કહેતા ફી તરીકે જ કહી શકાય.

ત્યાર બાદ મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને ગુજરાત બહારથી આવેલા કેન્ડીડેટ્સ one by one સ્ટેજ પર પોતાનું સ્થાન લઈ અને પોતાના વિશે અને તેમની Choice વિશેની રજૂઆત કર્યા પછી સમય ક્યાં પસાર થઈ ગયો તેમને અને મારા સહ ઉદઘોષક તરીકે કુ. હિરવા ખાખી (સુરેન્દ્રનગર) અને શ્રીમતી દેવિકાબેન કંસારા (સુરત) ને પણ ખબર ન પડી.

સમાજ પાસેથી આશા રાખવા કરતા વ્યકિતગત રીતે આપણે શું ધ્યાન રાખવું જોઈએ તે વિશે થોડા મુદ્દાઓ મારા ધ્યાનમાં આવ્યા છેતેપણઆપ સમક્ષ રજૂ કરું છું.

(૧) જો આપણે ખરેખર સમાજ પ્રત્યે કંઈક કરવા ઈચ્છતા હોઈએ તો ઘણી મહેનત પછી આયોજિત આવા કાર્યક્રમો શરૂ થવાના ટાઈમની 10 min પહેલાં પોતાના સ્થાન પર હાજર રહેવું.

(૨) અનેક સ્વપ્નાઓ પૂરા કરવા માટે જીવન સાથીની શોધમાં આવ્યા હો ત્યારે યુવક-યુવતીઓ ઉપરાંત તેમના પેરંટ્સ પણ ચહેરા પર આનંદ, ઉત્સાહ અને ખુશી બતાવીને વાતાવરણ હળવું રાખી શકે નહીતર સ્કૂલમાં બેસીને exam આપવા, હાજરી પૂરાવવા આવ્યા હોય તેવું લાગે.

(૩) યુવક - યુવતી પોતાના માટે ઓળખ આપતી વખતે કોઈ જાતનો સંકોચ રાખ્યા વિના પોતાની વિશેષતાઓને high light કરી અને પોતાને ગમતી choice કેવી હોવી જોઈએ તે વિશે સ્પષ્ટ વિચાર રજૂ કરે અને સ્ટેજ પરથી તેઓએ શું બોલવું તેની ઘરેથી perfect પ્રેક્ટિસ કરીને આવે.

(૪) આપણાંજ ભાઈઓએ તેમના બિઝીશિડ્યુલમાંથી સમય કાઢીને જે મેટ્રીમોનીયલ સાઈટ બનાવી છે સમજીને તેનો ભરપૂર લાભ લઈને આપની તમામ ઈન્ફોર્મેશનનું અપડેશન રાખવું જેથી લોકો સુધી આપની સાચી માહિતી પહોંચે.

(૫) આપણાં સ.કં. સમાજના મેરેજ બ્યુરોની સાઈટ પર વિવાહ યોગ્ય પાત્ર માટે આપ આજે જ આપના પુત્ર કે પુત્રીનું રજીસ્ટ્રેશન કરાવી રાખો. Shaadi.com કે બીજા કોઈ તગડી ફી વસૂલીને મેમ્બર શીપ આપતા બ્યુરોની કોઈ જરૂર પડે તેમ નથી.

(૬) આપમાંથી ગેરહાજર રહેનાર લોકોનું ખાલી ધ્યાન દોરી દઉં કે અલગ-અલગ સ્ટેટ અને વિદેશમાં રહેતા કેન્ડિડેટ પણ આ ફાઉન્ડેશનનું મહત્વ સમજીને હાજર રહ્યા હતા, માત્ર એટલુંજ નહિ પણ તેમના વાલીઓની વિશાળ હાજરી સાથે આ કાર્યને financial support આપી અને Rs. 11,111/- જેવી માતબર શુભેચ્છા ભેટ પણ લખાવીને આ કાર્યને બિરદાવ્યું.

(૭) જેનું ક્યાંય ન થાતુ હોય તેઓ જ મેરેજ બ્યુરોમાં નામ લખાવે તેવી માન્યતામાંથી બહાર નીકળી અને પટેલ સમાજની જેમ ખુલ્લા મને ભાગ લેવો જેથી આપના સંતાનના વિવાહમાં સંભવતઃ વિલંબ ટાળી શકાય.

(૮) યુવક-યુવતી વચ્ચે પરસ્પર મીટીંગ થઈ જાય પછી timeline બાંધ્યા સિવાય લાંબા સમય સુધી જવાબ દેવામાં ગોળ-ગોળ વાતોથી દૂર રહીને હા કે ના નો યોગ્ય રિપ્લાય આપવો જરૂરી રહે જેથી વિના કારણ બંન્ને પક્ષ હેરાન થતા બચે.

આમારા વ્યકિતગત વિચારો રજૂ કર્યા છે કે જેથીસામાજિક શિષ્ત અને વ્યવસ્થા સુસજ્જ થાય.

સમસ્ત કંસારા સમાજ કે આપમાંથી કોઈ આ વાત સાથે સહમત, અર્ધસહમત કે અસહમત હોય શકો છો પણ શુદ્ધ હેતુ સાથે પીરસેલા મારા વિચારો સાથે મહદ્ અંશે જ્ઞાતિજનો સંમત થશે એવું માની ને મારા લેખન કાર્યને વિરામ આપું છું.

સૌ જ્ઞાતિજનોને જયશ્રી ગોપાલ.

- મિલન બુચ (વેરાવળ) મો. : ૯૪૨૭૨૨૯૭૦૦

## નવમ યુવા-યુવતિ પરિચય મેળાનો મીડીયા કવરેજ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા આયોજીત નવમા યુવક-યુવતિ પરિચય મેળાનો યુ-ટ્યુબ ચેનલો.

(૧) સ્ટાર ન્યુઝ ગુજરાતી લાઈવ

(૨) ઓનલી ગુજરાતી ન્યુઝ

(૩) KS News

પર પ્રસારીત કરવામાં આવેલ. તે માટે રીપોર્ટરો - શ્રીકેતનભાઈ કંસારા તથા શ્રી ધનંજય કંસારાનો આભાર.

શુભેચ્છક : હીરાબેન કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
વસંતભાઈ પાવાગઢી, વડોદરા.

શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ
ખજાનચીશ્રી - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

# મેરેજ બ્યુરો સંક્ષીપ્ત

- હસમુખભાઈ એલ. ખાખી (કન્વીનરશ્રી), અનંતભાઈ જી. શેઠ (કન્વીનરશ્રી)

તા. ૦૧-૦૧-૨૦૨૪ ના રોજ અમદાવાદ મુકામે સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા આયોજીત નવમ્ યુવા-યુવતી પરિચય મેળામાં ભાગ લેનાર ઉમેદવારો તેમજ વિજ્ઞાપન દાતાશ્રીઓને નમ્ર નિવેદન. અમોએ પરિચય મેળાની અંદર ભાગ લેનીર ઉમેદવારોને તા. ૧૦-૧૨-૨૦૨૩ સુધીની આખર તારીખ ફોમર્સ સ્વીકારવાની રાખેલ. પરંતુ જે ઉમેદવારો તા. ૧૦-૧૨-૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરવા અમસર્થ રહેલ હોય. તેઓ દરેક સભ્યોની લાગણીને માન આપીને નવી આખરી મુદત તા. ૨૦-૧૨-૨૦૨૩ સુધી સમય લંબાવતા. ઉમેદવારોનો ફોમર્સ એક સાથે આવતા તેમજ તેઓને તેમજ વિજ્ઞાપન દાતાશ્રીઓ તરફથી તા. ૩૦-૧૨-૨૦૨૩ સુધી વિજ્ઞાપન આવતા દરેક લોકોને પરિચય પુસ્તીકામાં ન્યાય આપવાની ગણત્રીથી કદાચ ક્યાય શરત ચૂકથી પ્રીન્ટીંગમાં ક્ષતિ રહેવા પામી હોય તો અમો ક્ષમા માંગીએ છીએ.

આપ સર્વેને જણાવવાનું કે જે કોઈ ક્ષતિ હોય તે સુધારો કંસારા ટાઈમ્સમાં ''ક્ષતિ સુધારા'' તરીકે મુકવામાં આવશે. જે લોકોને સુધારો કરવાનો હોય તે સર્વે લોકો તા. ૦૫-૦૩-૨૦૨૪ સુધીમાં લેખીતમાં સુધારો સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની ઓફીસે મોકલી જાણ કરી સુધારો કરાવી શકે છે.

વિશેષ નિવેદન કે જે લોકો આ નવમ્ યુવા-યુવતી મેળામાં ભાગ લેવાથી વંચીત રહેવા પામ્યા છે. તેવા દરેક ઉમેદવારોને જણાવવાનું કે સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) મેરેજ બ્યુરોમાં હાલ પહેલાની જેમ જે લોકો ફોમર્સ ભરી રજીસ્ટ્રેશન કરાવવા ઈચ્છતા હોય તે નવા ઉમેદવારો ઓન લાઈન ફોર્મ ભરી ઉમેદવારી કરી શકે છે. કંસારા ટાઈમ્સમાં જે રીતે અગાઉ ઓન લાઈન ફોર્મસ ભરવાની વિગત આપેલ તે પ્રમાણે ફોર્મ ભરી રૂા. ૫૦૧/- રજીસ્ટ્રેન ફી ભરી તેનો પાસવર્ડ મેળવી ઓન લાઈન ઉમેદવાર યુવા-યુવતીની માહિતી મેળવી શકે છે. તેનો લાભ લેવા સર્વેને વિનંતી આપશ્રીને રજીસ્ટ્રેશનમાં કોઈ મુશ્કેલી હોય તો એડમીન હસમુખભાઈ ખાખી મો. નં.:૯૮૨૫૩૦૭૧૫૧ ઉપર વોટસએપ દ્વારા જણાવવા વિનંતી. -આભાર.

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
# નવમ્ પરિચય મેળાની હાર્દિક શુભકામનાઓ

- બાલકૃષ્ણ જેઠાલાલ દંગી (વઢવાણ)

જ્ઞાતિનો પરિચય મેળો એ વૈવાહિક સંબંધનો સેવા સેતુ છે. જેના માધ્યમથી ઉમેદવારોને પસંદગી માટેનું સુંદર પ્લેટફોર્મ મળે છે. જેના આધારે જીવનસાથી તરીકે એક બીજાને ઓળખવાનો, એક બીજાના વિચાર વિમર્શ કરવાની પુરી તક પુરી પાડે છે. જે પસદંગી માટે સરળ રહે છે.

પરિચમય મેળાથી ઉમેદવાની સાથે વાલીઓને પણ પુરતી માહીતી મળી રહે છે, જે વાલીઓ માટે પુરી રાહત રહેછે. સમયની સાથે શ્રમ પણ ઘર બેઠા બચે છે. પોતે પોતાની રીતેશીધી જ વાત કરી શકે છે. અને એક બીજા પુછપરછ કરીને વાત આગળ ચલાવી શકેછે. એક બીજા અનુકુળતા જાણી શકે છે. જે સંબંધ માટે ખૂબ જરૂરી છે. તેનું પ્લેટફોરમ પરિચય મેળો પુરુ પાડે છે.

ઉપરની બાબતે મારે પોતાનો સ્વઅનુભવ છે. કે ગત ૭ મો સપ્તમ પરિચય મેળાના માધ્યમથી મારી દીકરી કૃપા કાગડાનું અમરેલી મુકામે પાર્થ મેઘાણીના સાથે વેવિશાળ કરીને લગ્નગ્રંથીથી જોડાયેલ છે. જેપ રિચય મેળાની ફળશ્રુતિ છે. સફળ થયા છે જેનું અમો બંન્ને પરિવાર કાગડા / મેઘાણી પરિવાર ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

અમો સમસ્ત કંસારા સમાજ તથા પરિચય મેળાના આભારી છીએ.

અમારી જ્ઞાતિજનોનેનમ્ર અપિલ છે કે પરિચય મેળાની સાથે વધુને વધુ યુવક/યુવતીઓ જોડાય ને વધુમાં વધુ લાભ લઈને સમાજને પ્રોત્સાહન પુરુ પાડે.

આ એ ક્ષણ છે, જયારે આપણે ઉજ્જવળ ભવિષ્યની ઝંખના કરીએ છીએ. એવા સમયની ઝંખના કે સફળતાની સાથે સમાજ પણ ગૌરવ લઈ શકે.

આવો સૌ જ્ઞાતીજનો આપણએ સહુ સાથે મળીને સમાજ ને સહયોગ આપીને સમાજની નેમ પુરી કરીએ.

**''સપના ને સાચા પાડવા હોય તો,**
**ખરા સમયે જાગી જવું ખૂબ જરૂરી છે.''**
**''તકનો લાભ લો, સપના સાકાર થશે.''**

# શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદ

- લી. શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદના જ્ઞાતિજનો

**આભાર દર્શન**

તારીખ ૭/૧/૨૦૨૪ ને રવિવારના રોજ ડી.કે. પટેલ હોલ નવરંગપુરા ખાતે સમસ્ત કંસારા સમાજ ગુજરાત દ્વારા આયોજિત નવમ યુવક યુવતી પરિચય મેળા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિચય મેળા માં શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદ ના પ્રમુખશ્રી કંસારા રમેશભાઈ જયંતીલાલ ને અતિથિ વિશેષનું સ્થાન આપવામાં આવ્યું હતું. જે સૌરાષ્ટ્ર મારુ કંસારા મંડળ અમદાવાદના જ્ઞાતિજનો માટે એક અમૂલ્ય ક્ષણ હતી. તમામ જ્ઞાતિજનો સમસ્ત કંસારા સમાજ ગુજરાતનો ખૂબ ખૂબ આભાર માને છે.

પરિચય મેળાની વાત કરીએ તો સવારે ૮:૦૦ વાગ્યાથી જ હોલ ઉપર જનમેદની આવવાની શરૂઆત થઈ ગઈ હતી. હોલ ઉપર કાર્યકર દ્વારા રજીસ્ટ્રેશનની અત્યંત સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી રજીસ્ટ્રેશન થઈ ગયા બાદ ઉમેદવારો તથા વાલીઓ માટે સુંદર સ્વાદિષ્ટ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ ઉમેદવારો તથા વાલીઓને ગામ પ્રમાણે બેઠક વ્યવસ્થા મળી રહે તેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. અંદાજિત ૧૫૦૦ જ્ઞાતિજનોની ઉપસ્થિતિ હોય તેવો માહોલ હતો. તમામ જ્ઞાતિજનો વ્યવસ્થિત રીતે કાર્યક્રમ નિહાળી શકે માટે બંને હોલ ઉપર વિશાળ એલઈડી સ્ક્રીન રાખવામાં આવ્યા હતા જેનાથી તમામ લોકોએ કાર્યક્રમ વ્યવસ્થિત નિહાળ્યો હતો. ત્યારબાદ અધવચ્ચે બ્રેક પાડીને વિશાળ જનમેદની માટે અત્યંત સુંદર અને સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તથા અગિયારસ હોવાથી લગભગ ૩૦૦ વ્યક્તિઓ માટે ફળાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

યુવક યુવતીઓનો પરિચય પતી ગયા બાદ દીકરા દીકરીઓ તથા વાલીઓ એકબીજા જોડે મસલત કરી શકે તે માટે પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, ત્યારબાદ સાંજે ૭:૦૦ કલાકે ભોજનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાત્રિ ભોજન લઈ કેન્ડિડેટ તથા વાલીઓ પરિચય મેળાની પૂસ્તિકાઓ મેળવી એકબીજા ને હળીમળીને વિખરાયા હતા.

ઉપરોક્ત કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવા માટે તથા શ્રી સૌરાષ્ટ્ર મારુ કંસારા મંડળ અમદાવાદના પ્રમુખ શ્રી રમેશભાઈ કંસારાને અતિથિ વિશેષ નિયુક્ત કરવા બદલ મંડળના તમામ જ્ઞાતિજનો સમસ્ત કંસારા સમાજ ગુજરાતના તમામ કારોબારી સભ્યોનો તથા પ્રમુખશ્રીનો ખૂબ ખૂબ આભાર માને છે.

**સામાન્ય સભાનો અહેવાલ**

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે તારીખ ૨૪/૧૨/૨૦૨૩ ને રવિવારના રોજ શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા નું આયોજન સાંજે ૪.૦૦ કલાકે ભુદરપુરા કોમ્યુનિટી હોલ,ભુદરપુરા, આંબાવાડી ખાતે કરવામાં આવ્યું હતું. જ્ઞાતિ ના કુલ ૨૪૦ પરિવારોમાંથી અંદાજે ૭૦૦ જ્ઞાતિજનોએ આ ભવ્ય કાર્યક્રમનો અલૌકિક લાભ લીધો હતો.

સૌપ્રથમ શ્રી કંસારા રાજેશભાઈ ધનવંતરાયના પ્રમુખ પદ હેઠળ વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી ત્યારબાદ ગત સામાન્ય સભાનું મિનિટ્સ વાંચન કરવામાં આવ્યું તથા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાનના હિસાબો રજૂ કરવામાં આવ્યા.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ કે જેમણે માર્કશીટો જમા કરાવેલી હતી તે તમામ વિદ્યાર્થીઓને મંડળ દ્વારા ઇનામો આપવામાં આવ્યા ત્યારબાદ એવા બાળકો કે જેમનો જન્મ થયો છે તથા શિશુવર્ગ અથવા બાળવર્ગમાં અભ્યાસ કરે છે, જે મંડળની આવતીકાલ છે તે તમામ બાળકોને સંસ્થાના પ્રમુખશ્રી કંસારા રમેશભાઈ જયંતીલાલ તરફથી પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા.

ત્યારબાદ સુકન્યા કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ દરમિયાન જ્ઞાતિજનોના ત્રણ પરિવારને ત્યાં દીકરીનો જન્મ થયેલો છે તે ત્રણ દીકરીઓને મંડળ દ્વારા રૂપિયા ૩૦,૦૦૦ ની એલ.આઇ.સી. ની પોલિસી એનાયત કરવામાં આવી.

ત્યારબાદ તમામ જ્ઞાતિજનોની સંમતિથી નવી કારોબારી સમિતિની નિમણૂક કરવામાં આવી. નવી કારોબારી સમિતિમાં શ્રી કંસારા રમેશભાઈ જયંતીલાલ ને જ્ઞાતિનું પ્રમુખપદ સોંપવામાં આવ્યું,નવી કારોબારીનો સર્વે જ્ઞાતિજનોએ અત્યંત હર્ષ ઉલ્લાસથી તથા તાળીઓના ગળગળાટ થી વધાવી લીધેલ.

અંતમાં આજના કાર્યના કોઈ એજન્ડા બાકી ન રહેતા સર્વે જ્ઞાતિજનો નવનિર્મિત કારોબારી સભ્યોને હાર્દિક શુભેચ્છાઓ આપી સમુહ ભોજનનો આનંદ લઇ વિખરાયા હતા.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

## ઋણ સ્વીકાર

અમદાવાદ ખાતે સમસ્ત કંસારા સમાજ દ્વારા યુવા યુવતી પરીચય મેળા સફળતા બદલ ખુબ ખુબ અભિનંદન સાથે જણાવતા હર્ષ અનુભવતા અમદાવાદ નિકોલ ગ્રુપ ને આપણી સંસ્થા એ એક વિશ્વાસ ભરોસો સંપન્ન કરેલ તે બદલ પણ સંસ્થા ના પ્રમુખ શ્રી તેમજ હોદેદાર ટીમનો પણ આભાર વ્યક્ત સાથે શનીવાર રાત્રીના અલ્પાહાર તેમજ રવિવારના રોજ સવારે અમદાવાદની નિકોલ ટીમને મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી તેમાં તા. ૬/૧/૨૪ શનીવાર રાત્રીના સમયે નાસ્તો તેમજ તા. ૭/૧/૨૪ રવિવારના રોજ વહેલી સવારના અમારી ટીમ હાજર રહી સવારના મહેમાનો સહિતતાઓ માટે નાસ્તો તેમજ બપોરના સમયે મહાપ્રસાદ (ભોજન) અને રાત્રીના સમયે ઈડલી સંભારની અલ્પાહાર સહિત ની સમગ્ર જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવતાની સાથે આપના વિશ્વાસમાં ખરેખર ઉતર્યા છીએ તેમ છતાં અમારી કોઈ ભૂલચૂક થઈ હોય તો ક્ષમા યાચીએ છીએ અમારા નિકોલ ગ્રુપનું એક સૂત્ર છે. (કામ કરે તેની ભૂલ થાય અને કામ ન કરનારની કોઈ ભૂલ ન થાય) આ અંગે ખુશી વ્યક્ત કરતા જ્યારે જ્યારે સમાજ ને અમારા જેવા યુવાનોને સમાજના વડીલો, મહાનુભાવો તેમજ સમાજ શ્રેષ્ઠીઓ આપના દ્વારા પ્રેરણાદાયી બની અને કામ કરવાની ઉત્સુકતા અને અમારો મનોબળ વધાર્યું છે. ત્યારે સમાજ માટે એક સેવક તરીકે સમાજ દ્વારા થતા પ્રસંગોપાત અમોને તથા અમારા નિકોલ ગ્રુપને ચોક્કસ યાદ કરશો. સમાજ થકી અમે છીએ....નહિ કે અમારા થકી સમાજ એજ પ્રેરણાથી અમો સેવા માટે સમાજ ને અમો શું મદદ કરીએ એજ અપેક્ષા સાથે ...

(૧) શ્રી કંસારા મહેન્દ્રભાઈ હીરાલાલ (૨) શ્રી કંસારા પ્રમોદભાઈ ગોપાલદાસ (૩) શ્રી કંસારા કીર્તીભાઈ બાલકૃષ્ણભાઈ (૪) શ્રી કંસારા ભાવેશભાઈ કાંતીલાલ (૫) શ્રી કંસારા અમીશભાઈ જીતેન્દ્રભાઈ (૬) શ્રી કંસારા ભાર્ગવભાઈ ગીરીશભાઈ (૭) શ્રી સોલંકી સુધીરભાઈ લલીતભાઈ (૮) શ્રી પવાર કેવલ હરીશભાઈ (૯) શ્રી પરમાર કરણ લલીતભાઈ (૧૦) શ્રી છત્રાળા ભાવીન લલીતભાઈ (૧૧) શ્રી સોલંકી હાર્દીક કમલેશભાઈ (૧૨) શ્રી સોલંકી જલક સુધીરભાઈ (૧૩) શ્રી પરમાર કેયુરભાઈ (૧૪) શ્રી સોલંકી દીવ્યેશ કુમલેશભાઈ (૧૫) શ્રી કેયુર માર્કન્ડભાઈ કંસારા (૧૬) શ્રી ધાર્મિક માર્કન્ડભાઈ કંસારા.

# સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ

## જાહેર નિવીદા

સમગ્ર કંસારા સમાજની બહેનોને વિદિત થાય કે, ૮ માર્ચ આવનાર આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમીત્તે કંસારા ટાઈમ્સનો માર્ચ-૨૦૨૪નો અંક મહિલાઓને સમર્પિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આપ સૌને વિનંતી કે આપ સૌ મહિલાઓને લગતી જુદી જુદી માહિતી લખીને તા. ૨૫/૦૨/૨૦૨૪ સુધીમાં નીચે જણાવેલ સમસ્ત કંસારા સમાજની ઓફિસે પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલી આપશોજી.

**વિષયઃ** સામાજિક-આર્થિક-રાજકીય-વૈજ્ઞાનિક ક્ષેત્રે/ બાબતોમાં મહિલાઓનું પ્રદાન, મહિલાઓની વિશિષ્ઠ કામગીરીઓ, મહિલાઓની વિવિધ ભૂમિકા, વગેરે...

સરનામું : **સમસ્ત કંસારા સમાજ**

બી-૫૦૨, તુલિપ ટાવર, પકવાન ડાઈનીગ હોલની ઉપર, વી.એસ.હોસ્પિટલની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નંબરઃ ૦૭૯-૨૬૫૭૪૦૭૦

**નોંધ : દરેક જ્ઞાતિજનોને વિનંતી કે આપના કે આપના કુટુંબમાં આવતા જન્મદિન, લગ્ન તિથિ, શુભ પ્રસંગો, સ્મરણાંજલિ, જેવા પ્રસંગોએ આપ સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ ને આપનું યથાયોગ્ય અનુદાન આપીને કૃતાર્થ કરશોજી. સંસ્થાને આપેલું આપનું અનુદાન ઇનકમ ટેક્સની કલમ ૮૦-જી હેઠળ કર રાહતને પાત્ર છે.**

આ બાબતે વધુ માહિતી માટે નીચેનાનો સંપર્ક કરવો.

ઊર્મિલાબેન કંસારા (**પ્રમુખ-સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ**)

મોબાઈલ નંબરઃ ૯૯૨૫૦૧૨૫૦૯

# નવમ્ યુવક યુવતી પરિચય મેળાની ઝાંખી








## પરિચય મેળામાં યુવક યુવતીઓનો અનેરો ઉત્સાહ





## યુવક યુવતી પરિચય મેળાની સફળતાની ઝાંખી







# પરદેશ ગમન



અમારા પુત્ર ચિ. તીર્થ, દિવ્યાંગ કનુભાઈ કંસારાના પુત્ર તથા કનુભાઈ કાલીદાસ કંસારા (માણસાવાળા)ના પૌત્ર જેઓ કેનેડા મુકામે નાયગ્રા કોલેજ ઓન ધી લેક ખાતે ઉચ્ચ અભ્યાસ અર્થે જાન્યુઆરી-૨૦૨૪ના ઈનટેક માટે વિદેશ ગમન થયા છે. તેઓ ઉચ્ચ અભ્યાસ મેળવીને તેમનું તથા પરિવારનું તથા સમગ્ર કંસારા જ્ઞાતિ તેમજ કંસારા સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છાઓ, સહ.

**શુભેચ્છકોશ્રી**

કનુભાઈ કાલીદાસ કંસારા (દાદા)
રમીલાબેન કનુભાઈ કંસારા (દાદી)
દિવ્યાંગ કનુભાઈ કંસારા (પિતા)
અલકાબેન દિવ્યાંગભાઈ કંસારા (માતા)
પુલકિત દિવ્યાંગભાઈ કંસારા (ભાઈ આઈ.ટી. એન્જીનીયર) (અમદાવાદ)



## આંતરરાષ્ટ્રીય ઓપન કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૩ માં ગોલ્ડ મેડલ મેળવ્યા બદલ હાર્દિક અભિનંદન ચિ. દુર્વા દક્ષેશભાઈ કંસારા (વડોદરા)

ઈગલ માર્શલ આર્ટસ કરાટે અને ભારતીય વાડો યુ કરાટે ફેડરેશન દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય ઓપન કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૩ ગોવા સ્પોટર્સ કોમ્પલેક્ષ ખાતે ૨૫ અને ૨૬ નવેમ્બરના રોજ યોજાયેલી હતી જેમાં વડોદરામાં રહેતા દક્ષેશ નરહરીભાઈ કંસારા તથા દિપાલી દક્ષેશભાઈ કંસારાની સુપુત્રી "દુર્વા" દક્ષેશભાઈ કંસારાએ માત્ર ૬ વર્ષની વયે "કાતા"માં ગોલ્ડ "કુમીત્તે"માં બ્રોન્ઝ મેળવ્યો હતો. ફક્ત ૬ વર્ષની વયે ગોલ્ડ મેડલ મેળવ્યા બદલ ગોવાના રમત ગમતના મંત્રી દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. તેઓ દ્વારા ચિ. દુર્વા કંસારાએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેલવી કંસારા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે તે બદલ અમો શુભેચ્છા પાઠવીએ છીએ. તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને તેના કુટુંબનું નામ રોશન કરે.

**શુભેચ્છક પરિવારજનો**

નરહરીભાઈ ચંદુલાલ કંસારા
વર્ષાબેન નરહરિભાઈ કંસારા
દક્ષેશ નરહરિભાઈ કંસારા
દિપાલી દક્ષેશભાઈ કંસારા
કોમલ કેતનભાઈ કંસારા (વડોદરા)



# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ - મુંબઈ ૭૭માં વાર્ષિક સ્નેહ સંમેલનનો અહેવાલ

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ-મુંબઈની ૧૭મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ દ્વારા આયોજીત સ્નેહસંમેલન તથા પ્રીતિભોજન સમારંભ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩, રવિવારના રોજ ભાયંદર (મુંબઈ) મુકામે શ્રી મહેશ્વરી ભવનમાં યોજવામાં આવેલ. આ જ પ્રસંગે, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ દ્વારા સંચાલિત તથા શ્રીમતી દમયંતીબેન અને શ્રી જગમોહન ડી લાલાણી પ્રેરિત, ૧૨મા જ્ઞાતિ પ્રતિભા એવોર્ડ પ્રદાન સમારંભનું પણ આયોજન કરવામાં આવેલ.

આ એવોર્ડ પ્રદાન સમારંભમાં, સમસ્ત કંસારા જ્ઞાતિ-ઘરોમાંથી જે મહાનુભાવીએ જ્ઞાતિની સેવામાં તન-મન-ધનથી પોતાનો અમૂલ્ય ફાળો આપી સમાજમાં આદરણીય સ્થાન પામ્યા હોય એવા તેમજ અમારી અવૉર્ડી પસંદગી કમિટી દ્વારા પસંદગી પામેલ મહાનુભાવીને તેમની સમાજસેવાને બિરદાવવા, તેમજ જેમણે નાની ઉંમરમાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેવા કંસારા જ્ઞાતિની યુવા-પ્રતિભાઓને પણ બિરદાવવા, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ આ 'જ્ઞાતિપ્રતિભા એવોર્ડ પ્રદાન સમારંભ'નું આયોજન દર બે વર્ષે કરે છે.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈના ૧૨માં જ્ઞાતિપ્રતિભા એવોર્ડ પ્રદાન અંતર્ગત આ વર્ષની સર્વોચ્ચ પ્રતિષ્ઠિત જ્ઞાતિપ્રતિભા એવોર્ડ, શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારાને સન્માનસહિત અર્પણ કરવામાં આવેલ બટુકભાઈ કંસારા, જે શ્રી ગુજરાતી કંસારા યુવક મંડળ (ગોલિવાડ), સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), તેમજ શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના સર્વોચ્ચ પદને શોભાવતા, પ્રથમ હરોળના આગેવાન, સમાજસેવક અને માર્ગદર્શક છે. સાથે તેઓ દરેક જ્ઞાતિજનોના સાથ અને સહકારથી શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પ્રશંસનીય યોગદાન આપી અમૂલ્ય સેવાકાર્ય કરી રહ્યા છે.

શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ ઝાલાવાડ, ગોહિલવાડમાં વિવિધ વિકાસલક્ષી કાર્યમાં અગ્રેસર તેમજ વડોદરા મહિલા સત્સંગ મંડળમાં કાર્યરત અને કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટમાં પ્રમુખ પદે બિરાજી જ્ઞાતિજનોના વિકાસની ઉચ્ચ ભાવનાને સદાય પોતાના હૃદયમાં પ્રજ્વલિત રાખી, જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે ઘણા વર્ષોથી સતત પ્રવૃત્તિશીલ એવા શ્રીમતી ઊર્મિલાબેન વસંતરાય કંસારા, જેઓ સમારેમના મુખ્યઅતિથિ પદે બિરાજમાન હતાં.

સમારેમના કાર્યક્રમોને ત્રણ સભામાં વહેંચવામાં આવેલ.

**પ્રથમ સભા :** સર્વ પ્રથમ મુંબઈ તેમજ દેશ-દેશાવરમાં વસતા જ્ઞાતિજનોના શ્રી ઠાકોરજી-શરણ પામેલા સગા-વહાલાઓને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી.





શ્રી ગુજરાતી કંસારા મહામંડળના માનનીય ચીફ એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી શ્રી સુભાષભાઈ શાહ તેમજ પ્રમુખ શ્રી મહેશભાઈ દુધેલા ના પ્રાસંગિક પ્રવચન બાદ મુખ્ય અતિથિ શ્રીમતી ઉર્મિલાબેનને શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન ગુજરાતીએ શ્રીફળ, શૉલ તેમજ મોરપીંછ અર્પી સન્માનિત કર્યા હતાં.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના ચીફ એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી શ્રી સુભાષભાઈ શાહ, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પરાગભાઈ ગોરડીયા, પ્રમુખ શ્રી મહેશભાઈ દૂધેલા તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન ગુજરાતી તેમજ અન્ય ટ્રસ્ટી હોદ્દેદારો સાથે એવોર્ડના દાતા શ્રી નયનભાઈ લાલાણી તેમજ શ્રીમતી મેઘનાબેન લાલાણી દ્વારા આજના એવોર્ડિ શ્રી બટુકભાઈ કંસારાને સર્વોચ્ચ સન્માનીય, "જ્ઞાતિરત્ન" એવોર્ડ થી સન્માનિત કરી, શૉલ, શ્રીફળ તથા મોરપીંછ અર્પણ કર્યા, જે સર્વ જ્ઞાતિજનોએ ઊભા થઈ તાળીઓના ગડગડાટથી (Standing Ovation) વધાવી લીધા હતાં.

કાર્યક્રમની શરૂઆત શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ ના હોદ્દેદારો તથા આમંત્રિત શ્રી બટુકભાઈ અને શ્રીમતી ઊર્મિલાબેન દ્વારા દીપ પ્રાગટય કરી કરવામાં આવી. ત્યારબાદ ગણેશવંદના, કૃષ્ણલીલા, ભક્તિગીત, શ્રી રાકેશ કુગડાના કંઠે સુરીલા ગીત જેવા રંગબેરંગી કર્યક્રમીએ જ્ઞાતિજનોનું આમંત્રિત મહેમાનોનું દિલ જીતી લીધું.

બહેનો અને બાળકો માટેની અવનવી વિવિધ હરિફઈઓ યોજવામાં આવેલ જેમાં બાળકો અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એવોર્ડી શ્રી ખરુકમાઈ તથા મુખ્ય અતિથે શ્રીમતી ઊર્મિલાબેન હરીફાઈ નિહાળી બહેનો-બાળકોની કલાને બિરદાવી પ્રોત્સાહિત કર્યા. દર વર્ષની જેમ, સરસ્વતી સન્માન અંતર્ગત, તેજસ્વી વિદ્યાર્થીઓનું પુરસ્કર, ટ્રોફી તેમજ મેડલ આપીને સન્માન કરવામાં આવ્યું.

સ્વાદિષ્ટ ભોજનના રસાસ્વાદ સાથે પ્રથમ સમા સંપૂર્ણ થઈ.

**દ્વિતીય સભા :** મધ્યાહન ભોજન બાદ, નાના બાળકોના દેશમક્તિના કાર્યક્રમથી દ્વિતીય સમા ની શરૂઆત કરવામાં આવી જેમાં કાંદીવલી (મુંબઈ) સ્થિત શ્રી ગોપાલલાલ મંદિરના આમંત્રિત વૈષ્ણવોએ ભક્તિસભર શ્રીઠાકોરજીના સેવક એવા શ્રી મોહનદાસ કાણાના પ્રસંગનું ખૂબ જ સુંદર વર્ણન નાટ્ય સ્વરૂપે પ્રદર્શિત કર્યું.

ત્યારબાદ આજના સૂર્યક્રમના મુખ્ય આકર્ષણ એવા એવોર્ડ પ્રદાન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શ્રી ગુજરાતી કંસારા મહામંડળ તેમજ શ્રી ગુજસતી કંસારા મહિલા પ્રગતિ મંડળના હોદ્દેદારોએ આજના મુખ્ય અતિથિ શ્રીમતી ઉર્મિલાબેન તેમજ આજના એવોર્ડિ શ્રી બટુકભાઈ કંસારાને નાની બાળઓ દ્વારા એસ્કોર્ટ કરી માન સમર સ્ટેજ પર આવકાર્યા હતાં.

શ્રીમતી ઉર્મિલાબહેને જ્ઞાતિ ની બહેનોને અલગ અલગ કાર્યક્ષેત્રે, કલા કૌશલ થી જીવનમાં કેમ આગળ વધવું એ વિષે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું સાથે જ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ તેમજ ને શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળને ખુશી ભેટ રૂપે કુલ ૧૫,૦૦૦/- નું અનુદાન જાહેર કરેલ. શ્રી બટુકભાઈએ પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈની કાર્યપદ્ધતિ ને બિરદાવી અને શૈક્ષણિક ક્ષેત્રે સકોલરશીપ યોજના માટે તેઓના ધર્મપત્ની ગો.વા. અનુસૂયાબહેનની સ્મૃતિમાં રૂા. ૧,૫૧,૦૦૦/- નું માતબર અનુદાન જાહેર કરેલ.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પરાગભાઈ દ્વારા આભાર વિધિ બાદ એવોર્ડ પ્રદાન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

**તૃતીય સભા :** શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈના વાર્ષિક હિસાબોની રજૂઆત અને તેને લગતા કાર્યોની તેમજ ઠરવોની સૂચિ જ્ઞાતિજનો સમક્ષ રજૂ કરવામાં આવી જેને સર્વાનુમતે બહાલી આપી પસાર કરવામાં આવ્યા. અંતે રાષ્ટ્રગીત તેમજ 'ભારત માતાની જય'ના નારા સાથે આજના દિવસના કાર્યક્રમો પૂર્ણ કરવામાં આવ્યા.

આખરે હર્ષોલ્લાસ સાથે ગરબા રમી, રાત્રીનું ભોજન લઈ સર્વે જ્ઞાતિજનો એ વિદાય લીધી.

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# સંબંધોની આ દુનિયામાં સાથે રહેવું કેમ અશક્ય છે

- કમલેશ કંસારા

આ સંસારમાં માનવી હવા ને પાણી સાથે જીવતો રહેવાનું શીખી લીધુ છે. પરંતુ પૃથ્વી ઉપરના અન્ય માનવી સાથે રહેવામાં અસુવિધા જોવા મળે છે. ખરેખર માનવી એ એક બીજા સાથે હળી મળીને રહેવાનું શીખી લેવું જોઈએ. પરિવારથી સમાજ બને છે અને સમાજમાં માનવીનું ઘડતર થાય છે. સમાજમાં દરેકને એક બીજા સાથે રહેવાની સગવડ કરવામાં આવી છે. આજે સમાજમાં વ્યક્તિને સ્વતંત્ર રહેવા જોઈએ છે.

કેવી વિચિત્રતા વાત છે કે એક વ્યક્તિ પોતાના જ સમાજની અન્ય વ્યક્તિ સાથે દ્વેષભાવ, ઈર્ષ્યા, ઝઘડો અને દુશ્મની રાખતો જોવા મળે છે. અને તે જ સમાજની અન્ય વ્યક્તિને પ્રેમ કેર છે. આજના યુગમાં એક માનવી બીજા માનવી વગર જીવી શકતો નથી. જ્યારે બીજી બાજુ માનવીને જીવીત પણ જોઈ શકતો નથી. એક માનવીએ કેટલું જીવન જીવવાનું છે એની એને ખબર હોતી નથી. પરંતુ અન્ય વ્યક્તિ સાથેનો એનો સંબંધ કેટલો રહેશે એની એને ખબર હોય છે. અર્થાત્ પોતાના જીવનના વરસોની જાણકારી નથી પરંતુ બીજી વ્યક્તિના જીવન વિશે ચિંતાતુર જોવા મળે છે.

આજના યુગમાં પરિવારની ભાષા બદલાઈ ગઈ છે. પરિવારને અંગ્રેજીમાં 'ફેમિલી' તરીકે ઓળખાય છે. જેમાં પતિ, પત્નિ અને બે બાળકોમાં પુત્ર-પુત્રી જોવા મળે છે. બાળકો સિવાય પરિવારમાં કોઈની સાથે લોહીના સંબંધ જોવા મળતા નથી. જ્યારથી સમાજમાં પ્રેમ વિવાહ, આંતરજ્ઞાતિય વિવાહને સ્થાન મળ્યું છે ત્યારથી જ સંયુક્ત પરિવારને ગ્રહણ લાગ્યું છે. ભારતીય સમાજમાં વિવાહને એક સંસ્કાર માનવામાં આવે છે જે જન્મોજન્મના બંધન સાથે જોડાયેલ છે. પરંતુ આજે વિવાહને એક શંકાની દૃષ્ટિએ જોવાય છે.

આજે પતિ-પત્નીના પાવન સંબંધ શા માટે તૂટતા જોવા મળે છે ? મિત્રતાને આજે કેમ શંકાની નજરે જોવામાં આવે છે ? પતિ-પત્ની એકબીજા પ્રત્યે પ્રેમભાવ ન રાખતા એક બીજા સાથે લડતા ઝઘડતા કેમ જોવા મળે છે ?

આજના યુગમાં પ્રેમના નામે વાસનાનો ખેલ ખેલાય છે. લગ્ન મંડપમાં દહેજની માંગણી કરવામાં આવે છે. આજ દહેજની માંગણી પૂરી ન થતાં નવ વિવાહિતા સ્ત્રી અગ્નિની પ્રચંડ જવાળાઓમાં હોમાતી જોવા મળે છે. નવી વહુને સાસરીયામાં શારીરિક ત્રાસ આપવામાં આવે છે. કેટલીકવાર ત્રાસથી પરેશાન નવોઢા આત્મહત્યનાનું પગલું ભરે છે. અથવા તો તેને મોતને ઘાટ ઉતાર્યા બાદ એની પાછળ બધાજ પુરાવાઓનો નાશ કરવામાં આવે છે.

કોઈપણ પરિસ્થિતી હોય શોષણ તો સ્ત્રીનું જ થવાનું છે. આ તે કેવી માનવતા ? આજે માનવી પોતાના પરિવારના વંશને આગળ વધારતી સ્ત્રી નો જ નાશ કરવા માંગે છે. અને પતિ-પત્નીના પવિત્ર સંબંધોને શંકાની આગમાં સળગાવી દઈને પરિવારને વેરવિખેર કરવાં સંબંધોની આ દુનિયામાં સાથે રહેવું ઘણું જ કપરૂં બન્યું છે.





શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

# "દોષ કોનો ?"

- બાલકૃષ્ણ જેઠાલાલ દંગી (વઢવાણ)

જીવનનું પહેલું પાસુ જન્મદાતા "માતા" આપણને જન્મ આપવાનો ઉપકાર. તેમાં આજનાં અધ્યતન યુગના માનવી. તેમાંય શહેરોમાં વસતી આધુનિક કાંઈક "સંપન્ન" માનવીની જીવમશૈલી જોતા એક વાત ઉપસે છે કે લગ્ન એ આનંદનો વિષય બનાવીને એબોર્શન "નો" "ફેઝ" વધતો જાય છે. આમા વિચાર સરણી મુદ્દો "મમતા" ના મન પર જીવનમાં મમતાની લાગણી હોતીજ નથી. લગ્ન કરી સંતાનોને જન્મ આપવો એ ઉદ્દેશ્ય હોતો જ નથી. પણ "કારકિર્દી" "સ્વતંત્રતા" અને સલામતી નેજ લગ્નનું મહત્વ સમજતા હોય છે. આ બાબતમાં એટલું જ કે સંતાનોના લગ્નમ વય તેમાંય દીકરી ની લગ્ન વય ૧૮ થી ૩૦ એ એના માટે જીવન વિકાસનો સમય છે. આજ દીકરી ૩૦ વટાવીને ૩૫ પછી લગ્ન કરવાનું ટાળવું એ તેના માટે તેનું જીવનએમ સમજો કે "નિષ્ફળ" નો સમય છે. આજ દીકરી ૩૦ વટાવીને નોકરી કરી તહોય. તો માં-બાપ તેના લગ્નનાં અનેક બહાના બતાવીને દીકરીને દુઃખી કરતા હોય છે. એક વાત સમજો, આ બાબતમાં મા-બાપ દીકરીને તેનું "જન્મદાતા" "માતૃત્વ"ની યોગ્ય અગત્યતાં ને ટાળીને દીકરીનું જીવનનિષ્ફળતા માટે મા-બાપ જવાબદાર હોય છે. તેને કારણે જીવમાં દીકરીની "કારકિર્દી લક્ષ્મી" અને 'સ્વતંત્રતાલક્ષી' તેના વિચારો તેની ભીતર રહેલી "ઋતુજા" તેમાં માતૃત્વ પર અસર કરે છે. આજ વગર તકલીફે "ગર્ભપાત" ના યુગમાં કેટલા વાસના ઘેલા દંપતી તેના નિરંકુશ વિલાશમાં એમ સમજો કે બાળકોને બંધનરૂપ સમજીને એબોર્શન કરાવવા તૈયાર થાય છે. અને કરાવતા પણ હોય છે. આ દુર્જનોના વર્યસ્વથી દર્દનિય હાલત જોઈને એક વૈષ્ણવ ભક્ત ભગવાનને પ્રાર્થના કરીને "ગીતા"માં આપેલ વચનને યાદ કરીને આજની હાલાત કરીને નિરખી રહેવાની અને 'પ્રગટ' થવાની ફરીયાદ કરે છે. તેને ભગવાન સ્વપ્નમાં ખુલાસો કરે છે. કે ખુલાસો આપ્યો કે પ્રગટ થવું એ એક "ક્રિયા" છે. તેમાં ભાવ હોવો જોઈએ. હું પ્રગટ કેમ થાઉં ? મારૂ અસ્તિત્વ ત્યારે જ હોય જ્યારે કોઈ "દ્દષ્ટા" હોય. ભલે વાસ્તવિક હોય કે કાલ્પનિક ! માણસનાં મન વિનાં કાંઈ થઈ શકેજ નહિ. મારી માયા વડેજ "દ્દષ્ટ-દ્દષ્ટા" ની પ્રગતિજનક છે. હું યોગ માયાથી આચ્છાદીત હું પ્રગટ થતો નથી. એક શુભ 'દ્દષ્ટિકોણ' ની સાથે "વર્ણન" માટે વ્યક્તિત્વની જરૂર છે. આજ નવદંપતીનો જીવનમાં વ્યક્તિત્વનો અભાવ હોવાથી મારૂ પ્રગટ થવું કેમ હોઈ શકે ? કારણ તેઓના દ્દષ્ટિકોણ અને જીવનની 'માયા' માં તેમનાં મા માનવ જન્મ પ્રકૃતિની અંદર છે. જ્યાં સુધી "ગર્ભપાત" માં "જનિત" જીવાત્મા પોતાને મારાથી જુદો અનુભવે ત્યા સુધી પ્રગટ થવું એ કેમ થઈ શકે? પ્રગટ થઈ શકુજ નહિ.

માનવી લગ્ન પછી જીવનમાં "સેકસ" ને આનંદનો વિષય સમજીને જીવન માં 'ગર્ભપાત' કરાવતો રહે છે. ત્યાં સુધી ગમે તેટલા પ્રયત્નો કરો. હું પૂર્ણ પ્રગટ થઈ શકું જ નહી. મને લાગે ત્યારે જીવાત્માને મારી લીલામાં સમાવી લઈશ. તેને તમો મારી લીલા કહો કે 'કૃપા' ! જીવાત્માં જે દ્દષ્ટી થી ગમે કહે. હું કાંઈજ કહેતો નથી.

આજ નારી "જન્મદાતા" બને પણ "જીવનદાતા" ન બને તે એક કરૂણા જ છે. એમ સમજો કે ! જીવન વિકાશનો 'અગ્નીકુંડ' રૂપ છે. લગ્નને જીવનમાં એક સલામતીનો મુદ્દો સમજે છે. તેમાં જીવન 'આદર' અને 'માન' ને સળગાવી એક પાપ માટે બીજુ પાપ કરે છે. અગર આ કાળની કિતાબ ચાલતી રહે છે. તો જીવનમાં ખુમારી ભરી જીવનવ્યાપ્ત બનીને જીવનની 'જળહળ' તો અને સર્વાધિક જીવનનું મહત્વ જ નહી રહે. આ પાપ આજ ચળકતા લાગશે. પણ અંત તો અંધકાર રૂપ જ હોય છે. જીવનમાં પાપ કરતી વખતે જેટલી મિઠાસ માણી હોય તેની કડવાશનું પરિણામ રૂપ ગમે ત્યારે પરીપક્વ થાય ત્યારે જીવની પીડા કરે છે.

અફસોસ ની વાત એ છે કે જીવનમાં "નિતિમત્તા"ની સાવધાની દાખવતા ન હોવાથી પ્રેમની "વ્યભિચારી"નું મનોરંજન સમજીને "સંતાન" સાથે જીવન માં નિસ્બત નહી રાખીને મોજ-મજા સાથે નિષ્ફળતા હોય છે. આ બાબતમાં એક વાત નક્કી છે કે પૃથ્વી પર પાપનો ભાર વધી જાય ત્યારે ઈશ્વર અવતાર લઈને નાશ કરે. તે ન બન્યું પણ ખુદ માનવીનો ભાર આજ વિજ્ઞાન "અનુત્પાદન" માનવી "નસબંધી", "એબોર્શન" ઘણું સરલ કરીને જન્મતા બાળકોનું અસ્તિત્વ જ ન રહેવા દે. આ એક સમસ્યા પરિવારમાં મોટે ભાગે બેવડા વ્યક્તિત્વની ભયાનકતાં રૂપ સમસ્યા પ્રવર્તે છે.

છેલ્લો ભગવાનનો જવાબ : જીવન દ્દષ્ટોને જડમુળથી ઉખેડવા માટે મારે અવતાર ધારણ કરવાની અને "વચન" પાલન કરાવની ઈચ્છા છે. પરંતુ આજના કલયુગની માતાઓ અધવચ્ચે જ એબોર્શન કરાવીને મારૂ પ્રગટ થવાનાં પ્રયાસો નિષ્ફળ બનાવે છે. હવે આમા મારો કોઈ દોષ ખરો ? "દોષ કોનો ?"

શુભેચ્છક : શ્રી રાજેશભાઈ કંસારા (વિસનગરવાળા) પરિવારના જય શ્રીકૃષ્ણ
શ્રી રવિ એન્જિનીયર્સ : ૨૦૩, હર્ષ એવન્યુ, નવજીવન પ્રેસ રોડ, ઈન્કમટેક્ષ સર્કલ પાસે, અમદાવાદ.

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥

શુભેચ્છા સહ...

**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia -** Director
Cell : + 91 98257 86656

## Gravity Instruments
Private Limited


Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

*Best Quality Gift For All Occassions*

We are also the menu. of wall clocks& wall clock hands




# PRAKASH
ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia
Mo.94262 21810

Depak J. Karathia
Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577

www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187

**Mishal P.Meghani**
820-0524436




# Mayur Engineering
## Manufactur

**Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids**
**ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish**

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

**E-mail : mayurengineering179@gmail.com**

# MATRIMONIAL



### PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Name | : | Ravi Rajendrabhai Sheth |
| Date Of Birth | : | 20/02/1994 |
| Place Of Birth | : | Halol (Panchamahal), GuIjarat India |
| Time Of Birth | : | 09:59 AM |
| Rashi | : | Tula (Libra) |
| Complexion | : | Eair |
| Height | : | 5 feet 4 inches |
| Education | : | B.Tech - Electrical Engineer |
| Work | : | Electrician Engineer - AMC Electrical, New Zealand |

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father's Name | : | Rajendrabhai Mohanlal Sheth |
| Father's Occ. | : | Business |
| Mother's Name | : | Ritaben Rajendrabhai Sheth |
| Mother's Occ. | : | House Wife |
| Younger Brother | : | Kashyap Rajendrabhai Sheth |
| Younger Sister | : | Shivangi Rajendrabhai Sheth |

### CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Rajendrabhai Sheth |
| Contact Number | : | +91 9228359896 |
| Email ID | : | shethravi318@gmail.com |
| Residential Add. | : | Suthar faliya, Main Bazar, Halol, Panchamahal, GuIjarat, India. |
| Self | : | Ravi Sheth |
| Contact Number | : | +64 2254 77957 |
| NewZealand Ad. | : | 27, Gifford Gorve, Churton Park, Wellington, New Zealand. |

At present Ravi is comes to Home in India

## નવમ યુવા-યુવતી પરિચય મેળામાં આવેલ શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | સેવા સુગન સોલંકી પરિવાર - જોધપુર |
| રૂા. ૫૧,૦૦/- | કંસારા રમેશભાઈ જયંતીલાલ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | બુધ્ધ કિશોરભાઈ પ્રાણજીવનભાઈ - જામનગર |
| રૂા. ૩,૦૦૦/- | કસેરા ગુલાબચંદ - ઈન્દોર |
| રૂા. ૨,૫૦૦/- | સોલંકી વર્ષાબેન - જામનગર |
| રૂા. ૨,૫૦૦/- | કંસારા અંકિતભાઈ આર. બુચ - અમદાવાદ |
| રૂા. ૧,૫૦૧/- | ખાખી રાજેન્દ્રભાઈ આર. - વડોદરા |
| રૂા. ૧,૧૧૧/- | કંસારા જગજીવનદાસ આનંદજીભાઈ કડવાણી - ધ્રાંગધ્રા |
| રૂા. ૧,૧૦૦/- | પચ્ચીગર અશ્વિનભાઈ પી. - સુરત |
| રૂા. ૧,૧૦૦/- | ખાખી સચીનભાઈ નટવરલાલ - જોરાવરનગર |
| રૂા. ૧,૧૦૦/- | દંગી અલ્પેશભાઈ પરસોત્તામદાસ - જોરાવરનગર |
| રૂા. ૧,૦૦૧/- | કંસારા જયશ્રીબેન એન. બુચ - વેરાવળ |
| રૂા. ૧,૦૦૦/- | ખાખી નીપાબેન મયુરભાઈ - વઢવાણ સીટી |
| રૂા. ૧,૦૦૦/- | કંસારા જશવંતભાઈ વિઠ્ઠલદાસ - બાલાસિનોર |
| રૂા. ૧,૦૦૦/- | શશીકાંતભાઈ કેશવલાલ માવાણી - રાજકોટ |
| રૂા. ૧,૦૦૦/- | પંકજકુમાર મનહરલાલ બુચ - અમદાવાદ |
| રૂા. ૫૦૧/- | છત્રાળા ભાવિનભાઈ - બરોડા |
| રૂા. ૫૦૧/- | કંસારા બીપીનકુમાર ધીરજલાલ પરમાર - સુરત |
| રૂા. ૫૦૧/- | હિતેશભાઈ પી. કંસારા - નડિયાદ. |
| રૂા. ૫૦૦/- | કડવાણી ભાવેશ - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | દંગી હીનાબેન દેવેન્દ્રભાઈ - રાજકોટ |
| રૂા. ૫૦૦/- | દંગી નિરાલીબેન અમિતભાઈ (ધારા સ્ટીલ સેન્ટર) - ધ્રાંગધ્રા |
| રૂા. ૫૦૦/- | કંસારા મૌલિકભાઈ |
| રૂા. ૫૦૦/- | કંસારા ગૌરાંગભાઈ - અમદાવાદ |

## નવા આજીવન સભ્યોની યાદી

| | |
|---|---|
| ૧ | કંસારા વિનોદભાઈ જયંતીલાલ - અમદાવાદ |
| ૨ | કંસારા જયેશભાઈ શાંતિલાલ - સુરત |
| ૩ | ખાખી જય વિનોદકુમાર - અમદાવાદ |
| ૪ | ચોકવાલા કિશન બકુલભાઈ - નવસારી |
| ૫ | લાલાણી પ્રતિકભાઈ જયસુખભાઈ - જોરાવરનગર |
| ૬ | કંસારા જીગર પંકજભાઈ - વાપી |
| ૭ | કંસારા દક્ષેશભાઈ નરહરિભાઈ - વડોદરા |

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

અતુલભાઈ ૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ ૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ ૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

|| जय गौ माता ||
|| सब का मंगल हो ||

गीर गाय के नेचरल गोबर से बना पंचगव्य और औषधीयुक्त

## गौ सेवा धूप



१००%
शुध्ध और सात्विक धुप

इस धूप से उठा हुवा पवित्र धुवां आप के परिसर को दिव्यता प्रदान करता है। वातावरण शुध्ध करता है। प्राणवायु एवं ग्रह:शांति प्रदान करता है। यज्ञ करने की पवित्र अनुभूति प्रदान होती है।

संपर्क करे : गौ सेवा संस्थान
C/o. गोपाल ग्राफिक्स, महुवा.
दूरभाष : 7041480773

यह धूप गौसेवा हेतुं निर्मित कीया गया है। इसीसे हुई आमदानी गौसेवा में खर्च होगी

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# Nisarg Sheth



## Personal Details

DOB: **10/07/1995 11:28 AM**
Place of Birth: **Rajkot**
Height: **170 cm / 5'7"**
Weight: **72 kg**

## Occupation

Role: **Team Lead (Data Eng.)**
Company: **Accenture Ltd.**
Salary + Incentives: **18 LPA**

## Education Details

- **PDPU Gandhinagar**
  - (B.Tech)
- **Bits Pilani | Upgrad**
  - PGD Big Data

**+91-8238000414**

## Interests

**Photography | Travel | Sports**

## Family Details

Father: **Prakash N. Sheth**
- Executive Engineer, PGVCL, Rajkot

**+91-9925209230**

Mother: **Malti P. Sheth**
- Teacher, Sinhar School Rajkot

**+91 - 8320565159**

Sibling: **Rajvi Sheth**
- MBBS (2nd Year)

### Address

**BB-8, Alap Avenue Society,
University Road,
Rajkot, 360005**

Native: **Tankara**
Mosal: **Dhirajlal RaghvjiBhai lalani (Dhandhuka)**

## સમાજના કારોબારી સભ્યને શ્રધ્ધાંજલિ




સમસ્ત કંસારા સમાજના પાયાના કાર્યકર ને કારોબારી સદશ્ય તેમજ નખત્રાણા મારૂ કંસારાના અગ્રગણ્ય કાર્યકર એવા સ્વ. કંસારા પ્રફુલભાઈ મોહનભાઈના અવસાનથી સમગ્ર કંસારા જ્ઞાતીને મોટી ખોટ પડી છે. સમગ્ર સમસ્ત કંસારા કારોબારી સભ્યો સદ્‌ગત આત્માને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પે છે ને ઠાકોરજી તેમના દિવ્ય આત્માને ચિરઃ શાંતી પ્રદાન કરે ને તેમના કુટુંબીજનોને આવી પડેલ વિપદા વહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના - ૐ શાંતિ :

## સમસ્ત કંસારા સમાજ શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૧૧૦૦/- | ભરતકુમાર આર. ભરતીયા - મુંબઈ - શુભેચ્છા ભેટ |
| રૂા. ૧૦૦૧/- | કંસારા રતિલાલ માણેકલાલ - જસદણ-રાજકોટ -ચી. હર્ષના લગ્ન પ્રસંગે શુભેચ્છા ભેટ |
| રૂા. ૧૦૦૧/- | બુચ મિલનભાઈ - વેરાવળ - માતુશ્રીના જન્મ દિવસની શુભેચ્છા ભેટ |
| રૂા. ૨૫૧/- | કંસારા ગુણવંતરાય એ. વાઢેલ - ઉના - શુભેચ્છા ભેટ |
| રૂા. ૨૫૧/- | કંસારા હરેશકુમાર શીવલાલ - ચિ. જૈમીનના લગ્ન પ્રસંગે ભેટ. |
| રૂા. ૨૫૧/- | કંસારા નિલકંઠભાઈ સેવંતીલાલ લાલાણી - ચિ. સુપુત્રી અંજનીના લગ્ન પ્રસંગે શુભેચ્છા ભેટ |
| રૂા. ૨૫૧/- | કંસારા છબીલદાસ ગોવિંદજી પરિવાર - ધ્રાંગધ્રા - ચિ. ડીમ્પલના લગ્ન પ્રસંગે શુભેચ્છા ભેટ |
| રૂા. ૨૫૧/- | માવાણી દિપકકુમાર હરીલાલ પરીવાર - બરવાળા - ચિ. દર્શિતકુમાર લગ્ન પ્રસંગે ભેટ |
| રૂા. ૨૦૧/- | દંગી કિરણબેન રાજેશભાઈ - વઢવાણ - લગ્ન જીવનના ૧૧ વર્ષ પૂર્ણ થયેલ તે પ્રસંગે શુભેચ્છા ભેટ |




### નમ્ર અપીલ

ઉમરાળા વાળા ગૌ.વા. કંસારા સુરેશભાઈ ભગવાનભાઈ માવાણીનાં સુપુત્ર દર્શનને અતિ ખર્ચાળ લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની જરૂર હોય. તેમજ મારું કેન્સરનું ઓપરેશન હાલ એક મહિના પહેલા કરાવેલ છે અને સારવાર ચાલું છે. તો આર્થિક સ્થિતિ ખૂબ નબળી હોય. આ સારવાર તાત્કાલિક કરાવવાની હોવાથી આપ સર્વેને વધુમાં વધુ સહાય કરવા માટે વિનંતિ કરૂં છું.

લી. સંદિપ એસ. માવાણી નાં જય શ્રી ગોપાલ

Darshan Mavani

Scan to pay with any UPI app

**દર્શન સુરેશભાઇ માવાણી**
મો.૯૫૭૪૮૧૮૨૬૭
બેંક એકાઉન્ટ : 3244028744
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, સુરત.
IFSC CODE :- CBIN0280511

આ ખાતાનો ચેક અથવા phone pay થી રકમ જમા કરાવવા વિનંતિ.

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

## શ્રી વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ, (ઝાલાવાડ - ગોહિલવાડ) વડોદરા...




વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ ના ગૌરવવંતા ઉચ્ચ શિક્ષિત દંપતિ શ્રી ડૉ. ગીતેશભાઈ હરજીવનદાસ ચિતલિયા (Ph. D. ELECTRICAL, M.E. ELE.) તથા ડૉ. શ્રીમતી નેહલબેન ગીતેશભાઈ ચિતલીયા (Ph. D. ELECTRONICS, M.E.) ના અત્યંત તેજસ્વી પુત્રી રત્ન કુમારી મૃણાલી ચિતલિયા એ મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી - વડોદરામાં ઉચ્ચ અભ્યાસ કરી B.E. ELECTRONICS ENG. માં સમગ્ર યુનિવર્સિટી માં સર્વ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી સર્વોચ્ચ એવા એક સાથે ત્રણ GOLD MEDAL મેળવી GOLD MEDALIST માં હેટ્રીક કરી ખૂબ જ શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે.

તાજેતરમાં વડોદરા ખાતે રાજમાતા શુભાંગીની દેવી ગાયકવાડ તથા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ પ્રેરક ઉપસ્થિતિમાં કુ. મૃણાલી ચિતલિયાની સિદ્ધિને બિરદાવીને ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ છે.

આપે આવી તેજસ્વી સિદ્ધિ મેળવી તે બદલ વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ ખૂબ જ ગૌરવ અનુભવે છે.

તેમના પરિવાર ની સાથોસાથ સમગ્ર વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

આપ ભવિષ્યમાં ખુબ જ શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરતા રહો તેવી શુભેચ્છા સહ પુનઃ હૃદય પૂર્વક અભિનંદન..

લિ.

પ્રમુખ શ્રી નીતિનભાઈ જયંતીલાલ ગોરડિયા,

કારોબારી મંડળ તથા સલાહકાર શ્રીઓ તથા યુવા મંડળ

**શ્રી વડોદરા ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ, (ઝાલાવાડ - ગોહિલવાડ) વડોદરા**

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

હસમુખ ફર્નિચર મોલ

કંસારા ભીખાલાલ ત્રીભોવનદાસ પરિવાર (વાંકાનેરવાળા) ના જયશ્રી કૃષ્ણ

હસમુખ ફર્નિચર મોલ
મેગામોલ – ૨, સુરેન્દ્રનગર.
78029 00333

Hasmukh®
Makes Attractive & Durable
Since 1987

હસમુખ ટ્રેડર્સ (Since 1987)
૧૮ – નોબલ ચેમ્બર્સ, ભારત પેટ્રોલ પમ્પ પાસે,
એસ. ટી. સ્ટેન્ડ રોડ, સુરેન્દ્રનગર.
93745 29222

www.hasmukhfurniture.com com/hasmukhfurniture twitter@hasmukhfurniture.com hasmukhfurnituresnr1987@gmail.com

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦